# ० આટલો સંદેશો ०

www.dharamsinhrathod.com

માતૃભાષા જીવનનું અમૃત છે...જીવનનો ધબકાર છે.
માતૃભાષા એ ગ્રહણશકિતનું પ્રવેશદ્વાર છે.
સમજણનું સાધનાકેન્દ્ર છે.
સંવેદનાઓનું ભાવવિશ્વ છે.
ઉછળતી ઊર્મિઓનું નાદતંત્ર છે.
સંસ્કૃતિની ઊર્જા છે.
સ્વાભિમાન અને આત્મગૌરવની પૂર્વશરત છે.
અભિવ્યકિતનું બળ છે.

માતૃભાષાને લુપ્ત થતી જતી બચાવવાનો સમય હવે પાકી ગયો છે.માતૃભાષા એ તો આપણી પોતીકી અણમોલ જણસ છે.એને આમ ખોવાતી,લૂંટાતી,ચૂંથાતી આપણાથી ન જ જોવાય.માતૃભાષા આપણને સાદ કરી રહી છે ; સંભારી રહી છે.અને આપણે તો શિક્ષક છીએ.આ કામને વહેલામાં વહેલી તકે માથે ઉપાડી લેવું એ તો આપણા સૌની નમ્ર ફરજ અને જવાબદારી છે.અને આટલું કરીશું તો પણ આપણા થકી સમાજની બહુ મોટી સેવા કરી લેખાશે.કંઈ કેટલાંય બાળદેવતાઓ આ વિદેશીભાષામાં શિક્ષણ આપવાની ઘેલછામાં ને ઘેલછામાં માતૃભાષાના અમૂલ્ય વારસાથી અળગાં થઈ રહ્યાં છે.ચાલો માતૃભાષા અને બાળધનને બચાવવાનો એક નાનકડો સંકલ્પ કરીએ...એક નાનકડો યજ્ઞ શરૂ કરીએ.

અહીં આ **માતૃભાષા સંવર્ધન વિશેષાંક** દ્વારા માતૃભાષાને લગતા વાકયો,સુવિચાર આપવાનો પ્રયત્ન કર્યો છે.આશા છે માતૃભાષા સંવર્ધનમાં આપને ઉપયોગી બનશે.

- પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં મેળવવું એ બાળકનો મૂળભૂત અધિકાર છે. –ભારતીય બંધારણ
- બાળકને માતૃભાષામાં શીખવા ન દેવું એ એમની સામેનો મોટો અપરાધ છે.–પ્રો.યશપાલ

- માતૃભાષા સંસ્કારની જનની છે.
- માતૃભાષા વગર નથી આનંદ,નથી અભિવ્યકિત કે નથી વ્યકિતત્વ વિકાસ.–રવીન્દ્રનાથ ઠાકુર
- આપણે સંકુચિત,સંકીર્ણ ન બનીએ.વિશ્વસાહિત્ય અને વિશ્વસંસ્કૃતિની દિશાઓનાં બધાં બારી બારણાં મોકળાં રાખીએ,પણ સાથે જે આપણી માતૃભાષા છે તેને અવગણીએ નહિ.ડુંગરા ભલે પૂજીએ પણ ઉમરાને પૂજવાનું ન વીસરીએ. –ભગવતીકુમાર શર્મા
- માતૃભાષા ભાષાઓનો આત્મા છે.
- માતૃભાષા માતૃભૂમિની મહેક છે.
- માતૃભાષાના પાયા પર જ બીજી અનેક ભાષાઓની ઈમારત ચણાય છે.
- માતૃભાષા સ્વત્વ અને સ્વાભિમાનનો આધાર છે.
- માતૃભાષા એ તો માતા અને માતૃભૂમિ વચ્ચેનો સેતુ છે.
- વાત મારી જેને સમજાતી નથી, એ ગમે તે હોય ગુજરાતી નથી.
- સ્નેહ,સમજ અને સૌંદર્યનો ત્રિવેણીસંગમ એટલે માતૃભાષા.
- માતૃભાષાનો આધાર, વિકાસ અનરાધાર.
- ગુજરાતી ભાષા લુપ્ત થાય તેની છેલ્લી કડી આપણે ન બનીએ.
- વિશ્વના મહાનુભાવો માતૃભાષાની આંગળી પકડીને જ મહાન બન્યા છે.
- અંગ્રેજીની ઘેલછા સીતામાતાની માયાવી મૃગની ઘેલછા સમાન છે.
- અંગ્રેજી વિશ્વને જોવા માટેની બારી છે,પણ મુખ્ય દ્વાર તો માતૃભાષા જ ગણાય.
- સંસ્કૃતિ એ વીજળી છે,પ્રજા એ બલ્બ છે ને માતૃભાષા એ વાયર છે.
- મા,માતૃભૂમિ અને માતૃભાષા પવિત્ર,પૂજનીય અને વંદનીય છે.
- માતૃભાષા એટલે માતાનું દૂધ,પરભાષા એટલે બોટલનું દૂધ !
- કોઈ દેશ પારકી ભાષાની આંગળી પકડીને વિકસી શકતો નથી.
- સંસ્કાર,મૂલ્યનિષ્ઠા અને નૈતિકતાનો ત્રિવેણીસંગમ એટલે માતૃભાષા !

- માતૃભાષા સ્વપ્ન,હાસ્ય અને રૂદનની ભાષા છે.
- આત્મમંથનનો વિષય : અંગ્રેજીમાં શિક્ષણ કે શિક્ષણમાં અંગ્રેજી ?
- માતૃભાષા એટલે આત્મગૌરવ અને સ્વાભિમાનની ભાષા !
- માતૃભાષા મનુષ્યનું ભાવજગત સર્જે છે.
- માતૃભાષા મનુષ્ય–મનુષ્ય વચ્ચેનો સેતુ છે.
- મનુષ્યનાં ત્રણ શ્રદ્ધાકેન્દ્રો છે – માતા,માતૃભાષા અને માતૃભૂમિ !
- બાળક માટે સમજણનો સેતુ એટલે માતૃભાષા.
- બાળકની ગ્રહણશીલતાનું પ્રવેશદ્વાર એટલે માતૃભાષા.
- સંવેદનાને સંકોરે,સમજાવે અને પ્રગટાવે – માતૃભાષા.
- માતૃભાષાના મજબૂત પાયા પર અંગ્રેજી તો શું વિશ્વની કોઈ પણ ભાષા સરસ રીતે શીખી શકાય.
- ચાલો,અંગ્રેજીના સ્વામી બનીએ,દાસ નહીં. – મહાત્મા ગાંધી
- ભાષા એ વિચારનો પોશાક છે.
- માધ્યમ તો માતૃભાષા જ,રાષ્ટ્રભાષાને સન્માન અને અંગ્રેજીનો માત્ર ઉપયોગ કરો તો શ્રેષ્ઠ છે. – માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ
- મગજના વિકાસ માટે માતૃભાષામાં શિક્ષણ જરૂરી છે.
- દુનિયાના પ્રગતિશીલ દેશો પ્રાથમિક શિક્ષણ તો પોતાની માતૃભાષામાં જ આપે છે.
- માતૃભાષામાં શીખવું સહજ હોય છે.
- મનુષ્યનું હૃદય ગ્રહણ કરી શકે એવી ભાષા માતૃભાષા જ છે અને તેના દ્વારા જ શિક્ષણ અપાય.
- માતૃભાષા શબ્દમાં જ માતૃત્વ સમાયેલું છે.
- માતૃભાષા આત્માની વાચા છે.
- "હું આજે વિજ્ઞાની બની શકયો છું કારણ કે હું મારી માતૃભાષામાં ભણ્યો છું" – ડો.અબ્દુલ કલામ

- આપણો બધો વ્યવહાર આપણી માતૃભાષામાં જ ચાલવો જોઈએ.
- પરિવર્તનના પવનનો આદર કરવા માટે બારી ખુલ્લી રાખવાની છૂટ છે,પરંતુ એના જોરે આખું ઘર પડવા ન દેવાય.
- પારકી ભાષામાં શિક્ષણ આપવાથી બાળકો નિર્વીય બનશે,નિર્બોધ બનશે,એમની ગ્રહણશકિત બુટ્ટી બનતી જશે.
- "જે ભાષામાં સપનું આવતું હોય તે ભાષામાં ભણવા મૂકવું બાળકના હિતમાં છે." – વિનોબા ભાવે
- માતૃભાષા એ સંસ્કારની ભાષા છે.
- માતાના ઉદરમાં રહીને શીખી જવાતી ભાષા એટલે માતૃભાષા.
- માતૃભાષા થકી ચિંતન અને સમજની સીમાઓ અસીમ બને છે.
- બાળક શીખવાનો પ્રારંભ કરે છે ત્યારે કોઈ એક ભાષાના જ્ઞાનરૂપી મજબૂત પાયા પર જ અન્ય વિષયોની સમજણરૂપી ઈમારત ઘડે છે.આ મૂળભૂત ભાષા એ બાળકની માતૃભાષા છે.
- "શિક્ષણ જો સાર્વત્રિક અને સાર્વજનિક બનાવવું હોય તો તે માતૃભાષામાં આપવું જોઈએ.નહિ તો સમાજમાં ભેદાભેદની દીવાલ ઊભી થશે." – વિનોબા ભાવે
- "આ વિશ્વ વિચારોનું બનેલું છે.આપણે માતૃભાષામાં વધુ સ્પષ્ટ વિચાર કરી શકીએ છીએ.જેટલી માતૃભાષા સમૃદ્ધ તેટલા વિચાર સ્પષ્ટ અને તેટલું વિશ્વદર્શન યોગ્ય." – પ્લેટો
- માતૃભાષા બાળક અને માતા વચ્ચે સ્નેહનો સેતુ તો છે જ,પણ પેઢી દર પેઢી વચ્ચેનો સેતુ પણ છે.
- માતા,માતૃભૂમિ અને માતૃભાષા સ્વર્ગથી પણ ચડીયાતા છે.
- "કોઈપણ પ્રજાના યુવક વર્ગમાં પ્રજાત્વ કાયમ રાખવું હોય તો તેમને ઊતરતી કે ચડતી બધી જ કેળવણી તેમની માતૃભાષા દ્વારા જ મળવી જોઈએ." – મહાત્મા ગાંધીજી
- માતા,માતૃભૂમિ અને માતૃભાષાનો બીજો વિકલ્પ નથી.

- તમારા બાળકને સર્જક બનાવવા માંગતા હો તો માતૃભાષામાં જ ભણાવો.
- "માતૃભાષા ત્વચા છે,અન્ય ભાષા વસ્ત્રો છે." – ડો.યોગેન્દ્ર વ્યાસ
- "માધ્યમ ગુજરાતી બધાં જ ક્ષેત્રે,વિદ્યાર્થી તેના રહેશે મોખરે,
  નક્કી કરો આજે સૌ સંકલ્પ,પાયાનું ગુજરાતી મક્કમ."
  – ભૂપેન્દ્રભાઈ પંચાલ 'સેવક'
- આ ગુજરાતી ભાષા જેવી સરળતા બીજે ક્યાંય જોવા મળે તો તમે નવી શોધ કરી છે એમ માનજો. – ફાધર વાલેસ
- "સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી,
  મળી માતૃભાષા મને ગુજરાતી." – ઉમાશંકર જોશી.
- વિદેશી ભાષાઓમાં અપાતું શિક્ષણ આપણા ઉપર વિદેશી સંસ્કૃતિ ઠોકી બેસાડવાનું જ કામ કરે છે. – સુદર્શનજી
- માતૃભાષાનું મૃત્યું એ પ્રજાની અસ્મિતાનું મૃત્યું છે. – ગુણવંત શાહ
- માતૃભાષા એ વ્યકિતની આંખ છે.
- માતૃભાષા એ તો બાપીકી મૂડી છે,પારકી મૂડીએ ધંધો કરનારને વ્યાજનો માર વેઠવો પડે છે.
- નાના બાળકનું મગજ પ્રારંભમાં સ્વર,પ્રતીકો અને અર્થ સાથે પોતાના મગજના જ્ઞાનતંતુઓનો સબંધ પોતાની માતૃભાષામાં જોડવાનું શરૂ કરે છે. – પ્રો.યશપાલજી
- માતૃભાષા ગુમ થાય એટલે બીજી ઘણી બાબતો શિથિલ બને છે.
- માતૃભાષા દ્વારા આપણે આપણી ભૂમિના સાંસ્કૃતિક વારસાને પામી શકીએ છીએ.
- માતૃભાષાનું માત્ર ગૌરવ ગાન કરી લેવાથી નહી ચાલે,પરંતુ તેની જાળવણીની દરકાર પણ કરવી પડશે.
- માતૃભાષા (ગુજરાતી) માધ્યમની શાળામાં દાખલ થતું બાળક માતૃભાષા(ગુજરાતી) શબ્દભંડોળની પૂરતી મૂડી લઈને શાળામાં પ્રવેશે છે.તેથી શાળામાં શીખવાતા વિષયવસ્તુને તે સરળતાથી આત્મસાત કરે છે.

- અમારી ગુજરાતી ભાષા મધુરી છે,તમારે મન ભલે એ ટકાની હોય,પણ અમારે મન લાખની છે.
- મારી માતૃભાષા,મારી ત્વચા. – ભદ્રાયુ વચ્છરાજાની
- માતૃભાષા એ માત્ર શબ્દાર્થોનું જ પ્રત્યાર્પણ કરી અટકી જતી નથી.પણ માતૃભાષા દ્વારા સંલગ્ન સંસ્કૃતિનું પ્રત્યારોપણ પણ થતું હોય છે.
- ગુજરાતી ભાષા સાથેનો નાતો જો તૂટશે,તો થઈ જાશે બધું ધૂળધાણી. – ડો.નૈષધ મકવાણા
- માતૃભાષા એ બાળકની મૂળભૂત શકિતઓને વિકસાવવા માટેનું મહત્વનું માધ્યમ છે.
- "અંગ્રેજી માધ્યમ એ ભલે જીવલેણ રોગ નથી પણ તે જીર્ણ રોગ છે.તે બાળકની રોગપ્રતિકારક શકિત ઓછી કરી નાખે છે. – ડો.યોગેન્દ્ર વ્યાસ
- અંગ્રેજી ભાષા એ પાવડરના દૂધ સમાન છે.કૃત્રિમ કેલ્શિયમ મળે પરંતુ માતૃભાષાના દૂધથી સંસ્કાર અને કેળવણીનું સિંચન થાય. – પરાગરાવ ચવાણ
- માતૃભાષા જાશે તો પછી સંસ્કૃતિ જાશે,ને જાશે પછી સમૂળી ખાનદાની. – ડો.નૈષધ મકવાણા
- ભવિષ્યમાં વૃદ્ધાશ્રમનો વધારો ન કરવો હોય તો બાળકને પ્રાથમિક શિક્ષણ તો માતૃભાષામાં જ અપાવો.
- માતૃભાષાનો પાયો સંગીન હશે તો કોઈપણ ભાષાનું જ્ઞાન સહજ બને છે.
- બાળકનો સહજ અને સ્વાભાવિક વિકાસ માતૃભાષાના વાતાવરણમાં જ થાય.
- અંગ્રેજી વિષય તરીકે ભણાય,માધ્યમ તરીકે નહી.
- જયારે કોઈ ભાષા ખતમ થાય ત્યારે એક સંસ્કૃતિ નષ્ટ થાય છે.
- "હું છું ને મારી ભાષા છે,કંઈક થશે એવી આશા છે." – કવિ રમેશ આચાર્ય
- માતૃભાષામાં પ્રાથમિક શિક્ષણ એ બાળક,કુટુંબ,સમાજ અને દેશના હિતમાં છે.
- માતૃભાષાની પ્રતિષ્ઠા કરીએ.અંગ્રેજીના દાસ નહી પણ સ્વામી બનીએ.
- માતા,માતૃભૂમિ અને  માતૃભાષા જ આપણું સર્વસ્વ છે...એના ભોગે કાંઈ ના કરીએ.